# કશું જાણતો નથી

જો બારણાં હો બંધ તો ખોલી શકાય છે,
ખુલ્લી હવાની કેદ ક્યાં તોડી શકાય છે?

છે કાચ જેવી આમ તો માણસની જાત સૌ,
તૂટ્યા પછી એ ક્યાં ફરી જોડી શકાય છે?

જાણું નહીં કે છેવટે મંજિલ છે ક્યાં સુધી,
હાંફી જવાય છે છતાં દોડી શકાય છે.

ચારે તરફ શોધ્યા છતાં જે ક્યાંય ના મળે,
દર્પણ મહીં એ છેવટે શોધી શકાય છે.

વાતો કરે છે ત્યાગની ઊંચેરા મંચ પર,
છોડ્યા પછીએ ક્યાં બધું છોડી શકાય છે.

કશું જાણતો નથી

હું સમયની ડાળ પર ઝૂલ્યા કરું છું આ તરફ પેલી તરફ,
ને હવાની કેદમાં જોયા કરું છું આ તરફ પેલી તરફ.

થયું મને ક્યારેક હું મુજને મળું તો થાય શું એ જોઈએ,
ત્યારથી હું તો મને શોધ્યા કરું છું આ તરફ પેલી તરફ.

એકબીજામાં ભળીને એક થઈ ગઈ છે દિશાઓ આ બધી,
આભની માફક હું ફેલાયા કરું છું આ તરફ પેલી તરફ.

કોક દી તો ધોમ હું વરસી પડું એ શક્ય છે, પણ આજ તો,
વાદળાંની જેમ વીખરાયા કરું છું આ તરફ પેલી તરફ.

છેવટે રસ્તા બધા સૌ એક છે જાણ્યું અને થંભી ગયો,
આમ તો કારણ વગર દોડ્યા કરું છું આ તરફ પેલી તરફ.

અજવાળા વિશે લખવા દે, અંધારા વિશે લખવા દે,
લખવા દે અમને શ્વાસોના સથવારા વિશે લખવા દે.

તારા વિશે લખવા દે ને મારા વિશે લખવા દે,
વિખરાયેલા શબ્દોના ભણકારા વિશે લખવા દે.

કાંટાઓ ને કાંટાળી ઘટનાઓ વિશે ખૂબ લખ્યું,
આજ હવે મઘમઘતા કોઈ ક્યારા વિશે લખવા દે.

સુક્કા તરસ્યા રણની માફક આજ સુધી તો જીવ્યો પણ,
વાદળ તો ઘેરાયું છે જલધારા વિશે લખવા દે.

ભીતરથી ધસમસતી આવે ધારા વિશે લખવા દે,
કેમ બુઝાવું યાદોના અંગારા વિશે લખવા દે.

સાવ સુક્કું રણ બધે તરસ્યા કરે છે માણસો,
ને ભીતરની શોધમાં ભટક્યા કરે છે માણસો.

બંધ મુઠ્ઠી લઈ સતત દોડ્યા કરે છે માણસો,
આંખમાં લઈ આંસુઓ જીવ્યા કરે છે માણસો.

ચાંદની રાતે જુઓ સળગ્યા કરે છે માણસો,
રોજ ધીમે મીણ શા પીગળ્યા કરે છે માણસો.

એક પર બીજો ફરી ત્રીજો બધાં મહોરાં ધરી,
માણસોના વેશમાં ઘૂમ્યા કરે છે માણસો.

સાવ અંધારા સમું ચારે તરફ લાગે છતાં,
વીજના ચમકાર શા ચમક્યા કરે છે માણસો.

## કશું જાણતો નથી

આ જગતમાં કોઈ પણ મારા સમું આવ્યું નથી,
આમ સર્જનહારને મારા વગર ચાલ્યું નથી.

લાકડી ફટકારતાં એ ઢોર તો ચાલ્યું ગયું,
ને પછી એ ઢોલ મારાથી કદી વાગ્યું નથી.

કેમ કરવી રાવ નિષ્ફળ પાકની – દુષ્કાળની,
આ ધરામાં બીજ જ્યારે એક પણ વાવ્યું નથી.

સાવ સાચું ઝેર હો તો ગટગટાવે પ્રેમથી,
ભેળવેલું દૂધ શંકરને કદી ભાવ્યું નથી.

શબ્દ ભીતરથી મને ચાબુક ફટકારે સતત,
આટલું તો કોઈએ ક્યારેય દોડાવ્યું નથી.

હાથમાં થોડાઘણા શબ્દો હતા, ઓછા પડ્યા,
જે હતું હૈયે બધું કાગળ ઉપર આવ્યું નથી.

હાશ! અહીં તો એક પણ દર્પણ નથી,
મારી સાથે મારું કંઈ સગપણ નથી.

લાખ કારણ આમ તો શોધી શકો,
ને હયાતીનું છતાં કારણ નથી.

જે હતું ભીતર બધુંય ઠાલવ્યું,
કૈં વધુ એથી મને સમજણ નથી.

ના કદી છુટ્ટું પડે મુજ શ્વાસથી,
નામ તારું છે ત્વચા, પહેરણ નથી.

આમ ઉડાડી શકો નહીં ફૂંકથી,
હું હિમાલય છું જુઓ રજકણ નથી.

## કશું જાણતો નથી

કૈંક ભીતર ઊછળે છે હું લખી શકતો નથી,
આભ જેવું વિસ્તરે છે હું લખી શકતો નથી.

કોઈ પણ એકાંત જેવી ક્ષણ કદી હોતી નથી,
કોઈ ભીતર કોતરે છે હું લખી શકતો નથી.

હું ગઝલ લખતો નથી, લખતો નથી, લખતો નથી,
શબ્દ કાયમ છેતરે હું લખી શકતો નથી.

લોહીતરસી છે કટારી આ કલમ મારી જુઓ,
ઘાવ જૂના ખોતરે છે હું લખી શકતો નથી.

કોઈ રંગારો લઈને મોરપિચ્છના રંગ સૌ,
કૈંક ભીતર ચીતરે છે હું લખી શકતો નથી.

## કશું જાણતો નથી

આમ તો ઉલ્લાસમાં ચાલ્યા કરું છું,
કોક દી વિષાદમાં ચાલ્યા કરું છું.

જ્યાં ચરણ લઈ જાય ત્યાં ચાલ્યા જવું છે,
એટલા વિશ્વાસમાં ચાલ્યા કરું છું.

ચોતરફ અંધાર જ્યારે જોઉં છું હું,
ભીતરી અજવાસમાં ચાલ્યા કરું છું.

આટલું ચાલ્યા પછી ક્યાં જઈ શકાયું?
શું ફક્ત આભાસમાં ચાલ્યા કરું છું?

ચૌદ વરસોની મુદત કેવળ નથી કંઈ,
આજીવન વનવાસમાં ચાલ્યા કરું છું.

બહુ બહુ તો બારણાં પર નામ મોટું ચોડીએ,
આયનો તૂટી પડે તો કેમ એને જોડીએ.

કૈં અગોચર કૈં અજાયબ છે રહસ્યો શોધીએ,
ચાલ આજે શબ્દને તોડીને ભીતર જોઈએ.

એક પણ રસ્તો નથી ને આમ તો રસ્તા ઘણા,
એક રસ્તો આપણો શોધીને ચાલો દોડીએ.

એક તાજા ઘાવનો આભાર માનીને પછી,
આ ટપકતા લોહીમાં ચાલો કલમને બોળીએ.

ડાળખીની વેદના ના આપણે સમજ્યા કદી,
રોજ તેથી ડાળ પરથી ફૂલ કુમળાં તોડીએ.

આંખડી છલકાય ત્યારે કંઈ જ દેખાતું નથી,
મૌન પણ સંભળાય ત્યારે કંઈ જ દેખાતું નથી.

એકધારું હું સતત જોયા કરું જોયા કરું,
આયનો તરડાય ત્યારે કંઈ જ દેખાતું નથી.

એક સૂરજની પ્રતીક્ષામાં વિતાવ્યું આયખું,
વાદળાં ઘેરાય ત્યારે કંઈ જ દેખાતું નથી.

એક કેવળ શબ્દનો દીવો સનાતન ઝળહળે,
કોડિયું બુઝાય ત્યારે કંઈ જ દેખાતું નથી.

આંખ બસ જોયા કરે ને વિશ્વ થંભી જાય ત્યાં,
એ ક્ષણો લંબાય ત્યારે કંઈ જ દેખાતું નથી.

ખોલી શકું જો દ્વાર તો હું મુક્ત થઈ શકું,
તોડી શકું દીવાલ તો હું મુક્ત થઈ શકું.

બદલ્યા કરું છું આમ તો વસ્ત્રો હું રોજ પણ,
બદલી શકું જો ખાલ તો હું મુક્ત થઈ શકું.

ખોલું નહીં હું તોય ખૂલે બારણાં સ્વયં,
એવી કરું કમાલ તો હું મુક્ત થઈ શકું.

શબ્દો જ શસ્ત્રો, શબ્દ છે મેદાન યુદ્ધનું,
શબ્દો બને જો ઢાલ તો હું મુક્ત થઈ શકું.

એક પાનું રોજ અહીં તૂટ્યા કરે તારીખનું,
આવી જશે એ સાલ તો હું મુક્ત થઈ શકું.

# કશું જાણતો નથી

દોડતા આવો ને ખોળો પાથરે એ ઘર,
પ્રેમ હૈયે આંખમાં ઉષ્મા ભરે એ ઘર.

વિશ્વ આખું ચાર ભીંતોમાં ભરે એ ઘર,
આભ જેવુ ચોતરફ જ્યાં વિસ્તરે એ ઘર.

ધોમધખતા તાપમાં પણ તરબતર રહો,
કોઈ વાદળ જેમ ભીતર ઝરમરે એ ઘર.

એક ક્ષણ પણ ના તમે છૂટા પડી શકો,
આંખ મીંચો ને સતત સામે તરે એ ઘર.

ચોતરફ કોલાહલો, ઘોંઘાટની આ ભીડમાં,
કોઈ કોયલ કાનમાં ટહુકો કરે એ ઘર.

ભીંત, બારી, બારણાં ને આંગણું કૈં ઘર નથી,
લાગણી ભીની સહજ જ્યાં પાંગરે એ ઘર.

રોજ પીછું એક તો ખરતું રહ્યું,
એષણાનું આભ વિસ્તરતું રહ્યું.

ધોમધખતા તાપમાં ભીનો થયો,
આ હૃદયમાં કોઈ ઝરમરતું રહ્યું.

જામ મારા હાથમાં ખાલી હતો,
કોઈ આવ્યું ને ફરી ભરતું રહ્યું.

સાવ ધીમે ફૂલ મેં ચૂંટ્યું હતું,
કેમ આખું વૃક્ષ તરફડતું રહ્યું.

મીણબત્તી જેવું મારું આયખું,
આમ ધીમે રોજ ઓગળતું રહ્યું.

કશું જાણતો નથી

પાંદડું થઈને હું ખરતો હોઉં છું,
ભોંયમાં પાછો પમરતો હોઉં છું.

રોજ ઘર ભૂલું છું ખુદનું એટલે,
બારણાં પર નામ લખતો હોઉં છું.

અર્થ સુધી પહોંચવાની છે તરસ,
શબ્દ સાથે ઘાટ ઘડતો હોઉં છું.

આવડે ભીના થતાં તો ભીંજવું,
રોજ હું ઝરમર વરસતો હોઉં છું.

આમ સઘળું પાર પડતું હોય છે,
હું સમયને પ્યાર કરતો હોઉં છું.